**પરિપત્ર:**

**વિષય: એલએલ.બી સેમ.-૧ ના એન્લીસ્ટમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ(PEC) અંગેના ફોર્મ સ્વીકારવા બાબત.**

**સંદર્ભ: પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ અંગેનો પરિપત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૯૯/૨૦૨૪.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કાયદા વિદ્યાશાખાઓના આચાર્યશ્રીઓ જણાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં **એલએલ.બી. સેમ.-૧** ના એન્લીસ્ટમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ અંગેના ફોર્મ સ્વીકારવા અંગેની તારીખ નીચે મુજબ રહેશે. જેની તમામ સંબંધીતોએ ખાસ નોંધ લેવી.

| | | | |
|---|---|---|---|
| ૧ | એનલીસ્ટમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશન (એલએલ.બી. સેમ-૧) | રેગ્યુલર ફી સાથે રૂ.૧૫૦/- | લેઇટ ફી સાથે રૂ.૬૫૦/- |
| | | તા:૦૨/૧૨/૨૦૨૪ તા:૧૦/૧૨/૨૦૨૪ | તા.૧૧/૧૨/૨૦૨૪ |
| ૨ | પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ (એલએલ.બી સેમ-૧) | રેગ્યુલર ફી સાથે રૂ.૧૫૦/- | લેઇટ ફી સાથે રૂ.૬૫૦/- |
| | | તા.૦૮/૧૧/૨૦૨૪ થી તા.૦૯/૧૨/૨૦૨૪ | તા:૧૦/૧૨/૨૦૨૪ |

**ખાસ નોંધ**

- **વિદ્યાર્થીઓની સ્પોર્ટસ ફી અને કલ્ચરલ એક્ટીવીટી ફી પ્રતિ વર્ષ પ્રતિ વિદ્યાર્થી દીઠ લેવાની રહેશે.**
- **એલએલ.બી. સેમ.-૧ ના એન્લીસ્ટમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ (PEC) અંગેના ફોર્મ ઉપરોક્ત તારીખ પુર્ણ થયા બાદ સ્વીકારવામાં આવશે નહી. જેની તમામ સંબંધીતોએ ખાસ નોંધ લેવી અને તેનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

**એનલીસ્ટમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશનના ફોર્મ જમા કરાવતા સમયે ધ્યાનમાં રાખવાની બાબતો.**

- જે વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન ગેપ હોઇ તેવા વિદ્યાર્થીએ ૫૦/- રૂપિયાનાં નોટરી કરાવેલ સ્ટેમ્પ પર ગેપ દરમ્યાન કોઇ પણ અભ્યાસ કરેલ નથી તેમજ તે સમયગાળા દરમ્યાન કોઇ યુનિવર્સિટી કે કોલેજમાં કોઇ અભ્યાસક્રમમાં જોડાયેલ નથી તે મુજબનું એફીડેવીટ (સોગંદનામુ)કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી લેવાનું રહેશે
- દરેક એન્લીસ્ટમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશનના ફોર્મ સાથે વિદ્યાર્થીનું લીવીંગ સર્ટીફીકેટ, સ્નાતક કક્ષાની તમામ સેમેસ્ટરની પાસ કરેલ પરીક્ષાની માર્કશીટ, જો વિદ્યાર્થીએ અન્ય વધારાનો કોઇ પણ કોર્ષ કરેલ હોય તો તેના છેલ્લા સેમેસ્ટર/વર્ષની માર્કશીટ,આધાર કાર્ડ, અનામત કેટેગરીનાં વિદ્યાર્થીઓએ જાતી અંગેના પ્રમાણપત્રની નકલ (રાજ્ય અથવા કેન્દ્ર સરકાર દ્વારા માન્ય ફોર્મેટમાં) તેમજ અત્રેની યુનિવર્સિટી સીવાયના અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ **P.E.C.**ની નકલ(સંસ્થા/કોલેજ દ્વારા કોઈપણ જાતના ડોક્યુમેન્ટ્સ અત્રેની યુનિવર્સિટીમાં જમા કરાવવાના રહેશે નહિ.)
- **કોલેજના ERP લોગીનમા એનરોલમેન્ટ/ એનલીસ્ટમેન્ટ પોર્ટલના પેનલમાં વિદ્યાર્થીઓનો ડેટા new ઉપર ક્લિક કરીને એનરોલ્મેન્ટ ફોર્મ ભરવાનું રહેશે.**
- ત્યારબાદ Applicant list for Payment(Activity wise) મા જઈ વિદ્યાર્થીઓનો ડેટા એકસાથે સિલેક્ટ કરી વિદ્યાર્થીઓની એનરોલમેન્ટ/ એનલીસ્ટમેન્ટ ફી ની રસીદ ડાઉનલોડ કરી જમા કરાવવાની રહેશે.
- ઓનલાઇન એન્ટ્રી કરેલ ચેકલીસ્ટની પ્રિન્ટ તેમજ ફી મેમો જનરેટ કર્યા બાદ કોલેજ દ્વારા વેરીફાય કરીને એક નકલ તથા એનરોલ્મેન્ટ/એનલીસ્ટમેન્ટ વધારાની જોડાણ ફી ની રસીદ સાથે જમા કરવી.
- કોલેજના લેટરપેડ ઉપર કોર્ષ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ ફી ની રકમ સ્પષ્ટ દર્શાવવી.

- ભરવાપાત્ર થતી પૂરી રકમનો જ ડિમાન્ડ ડ્રાફ્ટ" **"રજીસ્ટ્રાર ,ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જુનાગઢ"** મોકલવાનો રહેશે અન્યથા એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.(કમિશન બાદ મળવા પાત્ર રહેશે નહિ).
- સંસ્થા/કોલેજ દ્વારા નીચે મુજબનું બાહેંધરી પત્રક મોકલવાનું રહેશે.
- સંસ્થા/કોલેજ **દ્વારા એનરોલ્મેન્ટ/એનલીસ્ટમેન્ટ વધારાની જોડાણ ફી રૂ.૪૫,૦૦૦/- તા:૦૯/૧૨/૨૦૨૪** સુધી ભરવાની રહેશે.
- -:: બાહેંધરી પત્રક ::-

વિદ્યાર્થીઓએ ફોર્મમાં ભરેલ વિગત અને સ્નાતક કક્ષાની માર્કશીટ પ્રમાણે જ ઓનલાઇન એન્ટ્રી કરેલ છે, જે અમોએ ચકાસેલ છે. ઓનલાઇન એન્ટ્રી ખોટી હશે તો જવાબદારી કોલેજ/સંસ્થાની રહેશે તેમજ વિદ્યાર્થીઓની માર્કશીટ અને ફોટો ચેકલીસ્ટ સાથે ચેક કરેલ છે. ફોર્મમાં વિદ્યાર્થીઓનો ફોટો અપલોડ કરેલ છે. ખોટો ફોટો અપલોડ કરેલ હશે તો માર્કશીટમાં કોલેજ/સંસ્થા દ્વારા યુનિવર્સિટીના નિયમાનુસાર દંડ ભરી સુધારા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

- **દરેક વિદ્યાર્થી દીઠ નીચે મુજબની ફી લેવાની રહેશે.**

| ક્રમ | એનરોલમેન્ટ/પી.જી.રજીસ્ટ્રેશન ફોર્મ સાથે ભરવાની થતી ફી ની વિગત | ફી ની રકમ (રૂ) |
|---|---|---|
| ૧. | એલએલ.બી એનરોલ્મેન્ટ/પી.જી રજીસ્ટ્રેશન ફી | રૂ.૧૫૦/- |
| ૨. | યુનિવર્સિટી ડેવલપમેન્ટ ફી | રૂ.૨૦૦/- |
| ૩. | સ્પોર્ટ્સ ફી | ૭૦/- |
| ૪. | કલ્ચરલ એક્ટીવીટી ફી | ૭૦/- |

**ખાસ નોંધ::** (૧) કોલેજો/સંસ્થા દ્વારા જે વિદ્યાર્થીઓના નામ ERP સોફ્ટવેરમાં કરેલ છે પરંતુ કોલેજના GCAS પોર્ટલ લોગીનમાં એન્ટ્રી કરેલ નથી તેવા વિદ્યાર્થીઓની એન્ટ્રી પણ GCAS પોર્ટલ પર કરવાની રહેશે કોલેજના GCAS પોર્ટલના લોગીનમાં એન્ટ્રી કરેલ નહી હોય તેવા વિદ્યાર્થીઓના એનરોલ્મેન્ટ જનરેટ કરવામાં આવશે નહિ.

(૨) વિદ્યાર્થીઓના GCAS એપ્લીકેશન આઈ.ડી હોવા તેમજ તેમના પ્રવેશ GCAS પોર્ટલ પર કન્ફર્મ થયેલ હોવા ફરજીયાત છે

ડી. ડી. એમ. સુખડીયા
કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૫૮૦/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા. ૨૯/૧૧/૨૦૨૪

**નકલ સાદર રવાના:**-(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી**નકલ રવાના જાણ** -(૧) આઈ.ટી.સેલ. વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in